**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : કલ્પના શાહ**

**ડીઇઓ : પ્રદીપ ચાવડા**

**તારીખ : 01-04-2024** **સમય : સાંજે 6.25 વાગ્યે**

---

## 2023-24 વર્ષ દરમિયાન જિલ્લા તિજોરી કચેરી દ્વારા ચૂકવણું

જિલ્લા તિજોરી કચેરી દ્વારા 2023-24ના નાણાકીય વર્ષ દરમિયાન અંદાજીત 2૫00 કરોડનું ચૂકવણું કરવામાં આવ્યું છે. આ ચૂકવણું ગયા નાણાકીય વર્ષથી લગભગ બમણું હોવાનું સત્તાવાર રીતે જણાવાયું છે. હિસાબી વર્ષના અંતિમ દિવસે ભુજ સ્થિત જિલ્લાની મુખ્ય તિજોરી ઉપરાંત પેટા તિજોરી કચેરીઓ તેમજ બેન્કો અને અન્ય સંલગ્ન સંસ્થાનોમાં હિસાબ-કીતાબની કામગીરીનો છેલ્લી ઘડી સુધી ધમધમાટ જોવા મળ્યો હતો. ઉલ્લેખનીય છે કે, કુલ ચૂકવણામાં 90 ટકાથી વધુનો હિસ્સો ઓનલાઈન પેમેન્ટનો રહયો હતો. જિલ્લા તિજોરી અધિકારીના જણાવ્યા અનુસાર 2023-24ના આ નાણાકીય વર્ષ દરમિયાન લગભગ 27,800 જેટલા બિલના ચૂકવણા કરાયા હતા. જેમાં સૌથી વધુ ચૂકવણું હિસાબી વર્ષના અંતિમ એવા માર્ચ માસમાં કરાયું હતું.

N.P. કલ્પના શાહ

---

## જિલ્લા ફરિયાદી સમિતિની રચના

આગામી લોકસભા સામાન્ય ચૂંટણીની જાહેરાતથી આદર્શ આચારસંહિતા અમલમાં આવેલી છે. ચૂંટણીઓની શુધ્ધતા જાળવવા માટે ફલાઈંગ સ્કવોડ અને સ્ટેટીક સર્વેલન્સ ટીમ દ્વારા કરવામાં આવતી કાર્યવાહીના ભાગરૂપે જપ્ત કરવામાં આવતી રોકડની જપ્તીના દરેક કેસની તપાસ કરી સાચી વ્યક્તિઓ અને જનતાને અસુવિધા ટાળવા માટે તેમજ જો કોઈ વ્યક્તિને આ બાબતે કોઈ ફરીયાદ હોય તો તેના નિવારણ માટે જિલ્લા કક્ષાએ "જિલ્લા ફરિયાદ સમિતિ"ની રચના નોડલ ઓફિસર, એક્ષ્પેન્ડીચર મોનિટરીંગ અને જિલ્લા વિકાસ અધિકારી-કચ્છના અધ્યક્ષસ્થાને કરવામાં આવી છે. જે અંતર્ગત આવી કોઈ રજૂઆત માટે ત્વરીત કાર્યવાહી થાય તે હેતુથી ૦૨૮૩૨-૨૫૦૬૫૨ નો સંપર્ક કરવા જાહેર જનતા માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

માહિતી ખાતુ

---

## મતદાન જાગૃતિ પ્રયાસ-મહેંદી સ્પર્ધા

'સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન (SVEEP) અંતર્ગત કચ્છ જિલ્લામાં મતદારો અને પ્રથમ વખત મતદાન કરનારા મતદારોમાં મતદાન જાગૃતિ આવે તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર

દ્વારા સમગ્ર જિલ્લાની વિવિધ પ્રાથમિક શાળાઓ, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ તેમજ કોલેજોમાં મહેંદી સ્પર્ધાના માધ્યમથી મતદારોમાં મતદાન અંગે જાગૃતિ લાવવા પ્રયાસ કરવામાં આવ્યો હતો.

જિલ્લાના ભુજ, નખત્રાણા, ભચાઉ, અંજાર ,ગાંધીધામ સહિતના તમામ તાલુકા મથકો અને મોટા ગામોની શાળાઓ અને કોલેજો દ્વારા વિધાર્થિનીઓમાં મતદાન અંગે જાગૃતિ આવે તે થીમ ઉપર આધારિત મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર જિલ્લામાં ૨૫ કરતા વધુ સ્થળોએ મહેંદી સ્પર્ધા યોજવામાં આવી હતી.

**માહિતી ખાતુ**

---

## બદલાતા હવામાનની અસર કેરીના પાક પર પડવાની ભીતિ

જિલ્લામાં છેલ્લા એકાદ સપ્તાહથી બદલાતા વાતાવરણની અસર હેઠળ કેસર કેરીના પાકને માઠી અસર થવાની ભીતિ ધરતીપુત્રો સેવી રહ્યા છે. છેલ્લા એકાદ સપ્તાહથી પવનની ઝડપમાં વધારો નોંધાતા અનેક વિસ્તારોમાં ઝાડ પરથી કેરી ખરી પડવાની ઘટનાઓ સામે આવી રહી છે. હવામાન નિષ્ણાતોએ પશ્ચિમી વિક્ષોભના કારણે વાતાવરણને વિષમતા એપ્રિલ માસ દરમિયાન વધવાની કરેલી આગાહી વચ્ચે જો માવઠું થાય કે પવન ફુંકાય તો કેરીમાં રોગ અને જીવાત પણ પડી શકે છે. જેને કારણે બજારમાં કેરીનો પાક મોળો આવે અથવા પાકની

ગુણવત્તાને અસર થવાની પણ સંભાવના બાગાયતી ક્ષેત્રના જાણકારો વ્યક્ત કરી રહ્યા છે.

N.P. કલ્પના શાહ

---

## ગુજકેટ પરીક્ષા શંતિપૂર્ણ માહોલમાં યોજાઇ

ધો.12 વિજ્ઞાન પ્રવાહ બાદ ઇજનેરી, ફાર્માસી સહિતના વ્યવસાયીલક્ષી અભ્યાસ ક્રમોમાં પ્રવેશ મેળવવા માટે અગત્યની મનાતી ગુજકેટની પરીક્ષા સમગ્ર રાજ્યની સાથે જિલ્લામાં પણ શાંતપૂર્ણ માહોલમાં યોજાઇ હતી. જિલ્લામાં 3,680 છાત્રોએ આ પરીક્ષા આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, એક પણ ગેરરીતિ કેસ નોંધાયો ન હોવાનું શિક્ષણ તંત્ર દ્વારા જણાવાયું હતું.

N.P. કલ્પના શાહ

---

## નખત્રાણા પંથકમાં દાડમના પેકિંગનો ધમધમાટ

નખત્રાણા પંથકની વાડીઓમાં અત્યારે શ્રમિકોનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. દાડમ કટીંગ અને દાડમ ઉતારવાની કામગીરી શ્રમિકો દ્વારા કરાઇ રહી છે. આ ઉપરાંત દાડમના બોક્સ પેક કરવા સહિતની કામગીરીમાં ખેડૂતો અને શ્રમિકો ઉપરાંત પેકિંગ વ્યવસાયીઓ વ્યસ્ત બન્યા છે. જાણવા મળતી માહિતી પ્રમાણે પંથકમાંથી દૈનિક મોટી

માત્રામાં દાડમના બોક્સ રાજનાધી દિલ્હી તેમજ દેશભરમાં મોકલાવાઇ રહ્યા છે. દાડમની ખેતીના કારણે ધરતીપુત્રો ઉપરાંત શ્રમિકો અને સ્થાનિક રોજગારો માટે ઉજ્જળા સંજોગો સર્જાયા છે.

N.P. કલ્પના શાહ

---

## હવામાન ગરમીમાં આંશિક રાહત

જિલ્લામાં ગત અઠવાડિયે ગરમીનો આકરો તાપ અનુભવાયા બાદ છેલ્લા ત્રણેક દિવસથી તાપમાં આંશિક રાહત જોવા મળી રહી છે. મોડી રાત તેમજ પરોઢના સમયે તો વાતાવરણમાં શિતળતા અનુભવાઈ રહી છે ત્યારે હવામાન વિભાગે મહત્તમ ઉષ્ણાતામાનમાં વધઘટનો દોર જળવાયેલો રહેશે તેવી આગાહી કરી છે. જિલ્લામથક ભુજમાં આજે મહત્તમ ઉષ્ણાતામાન 37 ડિગ્રીએ પહોંચતા બપોરના સમયે તાપ અને ઉકળાટ અનુભવાયો હતો. કંડલા ખાતે મહત્તમ ઉષ્ણાતામાન 37 ડિગ્રી જ્યારે નલિયા ખાતે 34 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

N.P. કલ્પના શાહ

---